ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૧.૮ ડીગ્રી
લઘુતમ : ૨૮.૬ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૯૦ ટકા

# શહેરમાં મેઘરાજા મન મૂકીને વરસતા નથી

## સારા વરસાદની આગાહી સાથે વાદળો તો ઘનઘોર ઘેરાય છે છતાં 'મન મોર બની થનગાટ કરે' તેવો મેહુલો વરસતો નથી : ઓછા વરસાદને કારણે હજુ પણ ઉકળાટ-બફારાનો માહોલ

ગાંધીનગર, તા.૭

'ગાજયા મેહ વરસે નહીં.' આ કહેવત અત્યારે ગાંધીનગરમાં યથાર્થ સાબિત થઈ રહી છે કેમ કે શ્રાવણ માસ અડધાથી ઉપર વીતી જવા આવ્યો છતાં હજુ પણ શહેરમાં મેઘરાજા મન મૂકીને વરસતા નથી. છેલ્લા કેટલાક દિવસથી રોજ વાતાવરણ તો એવું સર્જાય છે કે જાણ આજે તો પાટનગર પર આભ જ ફાટી પડશે પરંતુ સાંજ પડે વરસાદના આંકડા જુઓ તો માંડ ૨ થી ૯ મીમી વરસાદ નોંધાયો હોય છે. આ સ્થિતિમાં પ્રકૃતિ પ્રેમી શહેરીજનો જેઓ ધમધમાટ વરસાદની મીટ માંડીને બેઠાં છે તેમને નિરાશા પ્રાપ્ત થઈ રહી છે. બીજી તરફ શહેરમાં હજુ પણ ઉકળાટનો માહોલ મળી રહી છે. છેલ્લા એક સપ્તાહતી રાજયભરમાં સારા વરસાદની આગાહી હોવા સાથે ગાંધીનગરના આકાશમાં ઘનઘોર વાદળો ઘેરાય છે અને કયારેક મેઘ ગર્જના પણ સાંભળવા મળે છે અને જયારે વરસાદ શરૂ થાય છે ત્યારે એવું પણ અનુભવાય છે કે આજે તો તન-મન તરબોળ કરી મૂકશે પરંતુ થોડીવારમાં વરસાદ બંધ પણ થઈ જાય છે. છેલ્લા ત્રણ દિવસની સરેરાશ જોઈએ તો માંડ ૪.૫ મીમી વરસાદ નોંધાયો છે. શહેરમાં ભરપૂર ખિલેલી હરિયાળી સાથે ઘટાદાર વૃક્ષોમાં મોરલા પણ ટહુકી ટહુકીને થાકી ગયાં છે પરંતુ શહેરીજનોનું 'મનમોર બની થનગાટ કરી મૂકે' તેવો વરસાદ નિહાળવા તરસી રહ્યું છે.

### છેલ્લાં ત્રણ દિવસનો કુલ વરસાદ માંડ અડધો ઈંચ....!!

ગાંધીનગરમાં આ સપ્તાહે જે વરસાદ વરસ્યો તેના આંકડા જોઈએ તો તા. ૫મી ઓગસ્ટે ૨.૫ મીમી, તા. ૬ઠ્ઠી ઓગસ્ટે ૨ મીમી અને આજે તા. ૭મી ઓગસ્ટે ૯ મીમી વરસાદ વરસ્યો છે. આમ છેલ્લાં ત્રણ દિવસમાં કુલ વરસાદ માત્ર ૧૩.૫ મીમી એટલે કે અડધો ઈંચ માંડ વરસ્યો છે. વળી સતત ઘનઘોર વાદળો ઘેરાયેલા રહેવાને કારણે તેમજ બપોરના સમયે તડકો છાંયડો રહેતો હોવાથી વાતાવરણમાં ભારે બફારો અનુભવાઈ રહ્યો છે અને પવનની ગેરહાજરી વર્તાઈ રહી છે. તે સાથે માખી-મચ્છરોનો ત્રાસ પણ શહેરીજનોને અકળાવી રહ્યો છે.





લીલીછમ વનરાજીથી ઘેરાયેલું ગાંધીનગર છેલ્લા દોઢેક માસથી સાંબેલાધાર વરસાદ જોવા તરસી રહ્યું છે. સાબરમતી નદીના કિનારે અને વૃક્ષોથી આચ્છાદિત અન્ય શહેરો કરતાં ખૂબ ઓછું પ્રદૂષણ ધરાવતું આ શહેર હોવા છતાં વરસાદી મહેર ઓછી પ્રાપ્ત થઈ રહી છે તે અંગે શહેરીજનોમાં નિરાશા જોવા છવાયેલો છે.




ભાજપના મહિલા કાર્યકર સહિત ૬ જુગારીઓ ૫૧ હજાર રોકડ સાથે ઝડપાયા

# સરગાસણના શાંતિવિલા બંગ્લોઝમાંથી એલસીબીએ જુગારધામ ઝડપી પાડયું

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર ન્યુ સરગાસણ વિસ્તારમાં શાંતિવિલા બંગ્લોઝ મકાન નં.૧૩ ખાતેથી જુગારધામ એલસીબી પોલીસે ઝડપી પાડ્યું છે. પોલીસે ભાજપના મહિલા કાર્યકર સહિત ૬ જુગારીઓને રૂ.૫૧ હજાર રોકડ સાથે પકડી પાડ્યા છે. સરગાસણ જુગારધામ પર એલસીબી ત્રાટકતા સમગ્ર વિસ્તારમાં હલચલ મચી ગઈ હતી. પોલીસે જુગારીઓની અંગજડતી, દાવ, મોબાઈલ રોકડ અને કાર મળી કુલ રૂ. ૪.૬૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન પીએસઆઈ એ.જી.એનુરકરને ખાનગી રાહે બાતમી મળી હતી કે શાંતિવિલા બંગ્લોઝ મકાન નં.૧૩ માં જુગાર રમાઈ રહ્યો છે. જેને પગલે પોલીસે સ્થળ પર જઈ રેઈડ કરતા ૬ વ્યકિતઓ ઝડપાયા હતા. જેમાં જુગારધામના સંચાલનકર્તા ભાજપના મહિલા કાર્યકર હિનાબેન સુરેશભાઈ પટેલ (ઉં.૪૫ રહે.૧૩ શાંતીવિલા બંગ્લોઝ), જગદીશ રણછોડ પટેલ (ઉં.૩૯ રહે. પટેલવાસ વાવોલ), જીજ્ઞેશ નરહરી પ્રસાદ ભટ્ટ (ઉં.૪૨ રહે.ભટ્ટનો માઢ વાવોલ), અંકિત બબાભાઈ પટેલ (ઉં.૩૧ રહે.વાલરૂવાસ ઉનાવા), કૃણાલ પરેશભાઈ પટેલ (ઉં.૩૦ રહે.૩૬ પંચવટી રેસીડેન્સી કલોલ), સરફરાજ ઈસ્માઈલ ફકીર (ઉં.૩૦ રહે.કુબેરનગર વાવોલ),નો સમાવેશ થાય છે. એલસીબી પોલીસે તમામ સામે જુગારધારા હેઠળ અડાલજ પોલીસ મથકે ગુનો નોંધાવી આગળની તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે શાંતિવિલા જુગારધામમાંથી પોલીસના હાથે ઝડપાયેલ જગદીશ પટેલ જુગારની પ્રવૃત્તિમાં રીઢો ગુનેગાર છે, ગત માસે ઉનાવા જુગારમાં પણ એલસીબી-૨એ પકડ્યો હતો. જયારે ઉદેપુર જુગારમાં પણ જગદીશ પટેલ પકડાયો હતો. રેઈડ સમયે હિના પટેલ પોતે સંગઠનમાં છે તેમ કહીને રૌફ જમાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ પોલીસે હિના પટેલની કોઈ વાત સાંભળી ન હતી અને કાર્યવાહી કરી હતી.

## ભાવસાર સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને બિરદાવાશે

ગાંધીનગર, તા.૭

ભાવસાર સમાજ, ગાંધીનગરના તેજસ્વી વિદ્યાર્થીઓને સમાજ તરફથી પારિતોષિક આપવામાં આવશે.

દર વર્ષની જેમ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ માટે રમતગમત તેમજ જુનિયર કેજીથી દરેક ધોરણના (ધો-૧૧ સિવાય) તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેનોને સમાજના વાર્ષિક કાર્યક્રમમાં પારિતોષિક અપાશે. તેઓએ તેમની માર્કશીટની નકલો તા. ૨૩-૮-૨૦૨૦ સુધીમાં મંડળના હોદ્દેદારોને અચુક મોકલી આપવાના રહેશે. માર્કશીટની બે નકલો આપવાની રહેશે તેમજ માર્કશીટ પર વિદ્યાર્થી-વાલીનું પુરું નામ, સરનામું તથા ટેલીફોન નંબર અચુક દર્શાવવાનો રહેશે. આ ઉપરાંત પરિવાર પરિચય પુસ્તિકા ૨૦૨૦ના ફોર્મ ભરીને તાત્કાલિક પરત કરવા પણ અનુરોધ કરાયો છે.

# ઉનાવા જુગારકાંડ : ત્રીજો પોલીસકર્મી પણ સસ્પેન્ડ

ઉનાવા ખાતે ખેતરની ઓરડીમાં બે પોલીસકર્મીની મદદથી ચાલી રહેલા જુગારધામ પણ એલસીબી-૨ પોલીસે રેઈડ પાડી જુગાર રમતા જુગારીઓને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. જેમાં પોલીસે રૂ.૬૨ હજારની રોકડ સાથે ૭ જુગારીઓને પકડ્યા હતા. આ કેસમાં પેથાપુર પોલીસ મથકના કોન્સ્ટેબલ જયપાલસિંહ અને હેડ કવાટર્ર ખાતે ફરજ બજાવતા જમાદાર ઘનશ્યામસિંહ વાઘેલાને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ત્યારે એલસીબી પોલીસે જયપાલને પકડી પાડ્યો હતો. પરંતુ જુગારધામના માસ્ટર માઈન્ડ ગણતા જમાદાર હજુ પોલીસ પકડથી દુર છે. ત્યારે પોલીસ તપાસમાં જુગારધામ માટે જગ્યા ભાડે રખાવી આપનાર તેમજ ચલાવવામાં હિસ્સેદાર ગણાતા માણસા પોલીસ મથકના કોન્સ્ટેબલ કેતનસિંહ મહોબતસિંહને એલસીબી પોલીસે ઝડપી પાડ્યો છે. ઉનાવા જુગાર કેસમાં પોલીસને પહેલાથી જ માણસા પોલીસના કોન્સ્ટેબલ કેતનસિંહની સંડોવણી શંકા હતી. પરંતુ ઉદેપુર થી શંભુ ઝડપાયા બાદ પોલીસની શંકા સાચી ઠરી હતી. જેથી પોલીસે પુરાવા એકત્ર કરીને કેતનસિંહની ધરપકડ કરી હતી. પોલીસની ધરપકડ બાદ તેને સસ્પેન્ડ કરાયો હતો. આ કેસના મુખ્ય માસ્ટર માઈન્ડ ગણાતા જમાદાર છેલ્લા ૨૦ દિવસથી ફરાર છે. ત્યારે જમાદાર સુધી પોલીસના હાથ પહોંચી રહ્યા નથી તે વાત પણ પોલીસ બેડામાં ચર્ચાના સ્થાને છે.

## મેડીકલ કોલેજની બિલ્ડીંગ પરથી પાર્ટેશન પડતા કર્મચારીને ઈજા

ગાંધીનગર, તા.૭

બુધવારની સાંજે સુસવાટા મારતા પવન અને વરસાદને પગલે મેડીકલ કોલેજની બહારની સાઈડ લગાવેલા પાર્ટેશનમાંથી એક ઉડીને નીચે પડી ગયુ હતું. મેડીકલ કોલેજના ચોથા માળેથી પડેલુ પાર્ટેશન જીએમઈઆરએસ સોસાયટીમાં ફરજ બજાવતા એક કર્મચારી પર પડ્યું હતું. આ કર્મચારીને માથાના તેમજ મોંઢાના ભાગે ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત કર્મચારીને તાત્કાલીક વિભાગમાં સારવાર અર્થે લઈ જવાયો હતો. જયાં કર્મચારીને મોંઢાના ભાગે ચાર ટાંકા આવ્યા હતા.

## રામમંદિર ભૂમિપૂજન ઉજવણી પ્રસંગે કારસેવક અને કોરોના વોરિયર્સનું સન્માન






ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે પણ રામ મંદિર ભૂમિ પૂજન નિમિત્તે ઉજવણી કરવામાં આવી હતી જેમાં યશ હોસ્પિટલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ભાજપના અગ્રણી દિનેશભાઈ વ્યાસ ઉપરાંત ડૉ. રાકેશભાઈ ગોસ્વામી, ડૉ. તુષાર એસ. જાની, માણસા શહેર ભાજપ મહામંત્રી મોતીભાઈ પુરોહિત, કોર્પોરેટર કીર્તિભાઈ પરમાર તથા માણસા રોયલ ઠાકોર ક્ષત્રિય સમાજના પ્રમુખ નરેશસિંહ ઠાકોર સહિત અગ્રણી હોદ્દેદારો, કાર્યકરો તથા નાગરિકો જોડાયાં હતા. આ પ્રસંગે કારસેવક વિનોદભાઈ પ્રજાપતિનું સન્માન કરવામાં આવ્યું હતું તેમજ કોરોના વોરિયર્સનું સન્માન પણ કરાયું હતુ. કાર્યક્રમમાં દિપમાલા, રંગોળી સાથે ભગવાન શ્રી રામના નામનો જયઘોષ કરી સૌનું મ્હોં મીઠું કરાયુ હતુ.


## સાયન્સ સિટી દ્વારા હિરોશિમા દિવસ નિમિત્તે લાઈવ ટોકનું આયોજન કરાયું

ગુજરાત સાયન્સ સિટીએ સોશિયલ મીડિયા પર હિરોશિમા દિવસ ઉપર લાઈવ ટોકનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે કપડવંજની પારેખ બ્રધર્સ સાયન્સ કોલેજના એસો. પ્રાધ્યાપક ડૉ. મુકેશ ભટ્ટે લાઈવ ટોકમાં બોમ્બ પાછળનું વિજ્ઞાન સમજાવતાં ફ્યુઝન અને ફિઝનની પ્રતિક્રિયાઓ સમજાવી વિચારપ્રેરક સત્રની શરૂઆત કરી હતી. તેમણે ભાગ લેનારાઓને વિવિધ પ્રકારના પરમાણુ શસ્ત્રો જેવા કે પરમાણુ બોમ્બ, હાઈડ્રોજન બોમ્બ અને સોલ્ડેડ બોમ્બ અને ઈલેક્ટ્રો-મેગ્નેટિક પલ્સ શસ્ત્રોથી માહિતગાર કર્યા હતાં. તેમણે હિરોશિમા અને નાગાસાકી પર નાખેલા બોમ્બની ડિઝાઈન અને કામગીરી તથા તેમને આપવામાં આવેલા કોડ નામો 'લિટલ બોય' અને 'ફેટ મેન' વિશે પણ માહિતી આપી. સમાપન પહેલા, પ્રોફેસર ભટ્ટે માનવજાત અને પૃથ્વીના ભવિષ્ય માટે શાંતિ, પરમાણુ શસ્ત્ર મુક્ત વિશ્વનું મહત્વ પણ સમજાવ્યું હતું.

# મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકાને ૧૮ કરોડના ચેકનું વિતરણ

ગાંધીનગર, તા.૭

રાજય સરકારે ચાર વર્ષ પૂર્ણ કરીને પાંચમા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ગુજરાતના શહેરોના વિકાસ માટે સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજના હેઠળ ગુજરાતના શહેરોના વિકાસ માટે મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ દ્વારા રાજયની આઠ મહાનગર પાલિકા અને રૂ.૮૭૭ કરોડ અને ૧૬૨ નગરપાલિકાઓને રૂ. ૧૮૮ કરોડની રકમની ફાળવણી ઓન લાઈન કરવામાં આવી હતી. રાજય કક્ષાના ઓનલાઈન કાર્યક્રમ બાદ ફાળવેલ રકમના ચેકોનું વિતરણ જિલ્લા કક્ષાએ મહાનુંભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. તદઅનુસાર ગાંધીનગર મહાનગર પાલિકાને રૂા.૧૮,૭૮,૦૦,૦૦૦/-નો ચેક બિન અનામત આયોગના અધ્યક્ષ શ્રી વિમલ ભાઈ ઉપાધ્યાયના હસ્તે મેયર શ્રીમતી રીટાબેન પટેલને અર્પણ કરાયો હતો.




જયારે નગર પાલિકા કલોલને રૂા.૨,૫૦,૦૦,૦૦૦/-નો ચેક કલોલ નગર પાલિકાના પ્રમુખ શ્રી લવ બારોટને, દહેગામ નગર પાલિકાને રૂા.૧,૧૨,૫૦,૦૦૦/-નો ચેક દહેગામ નગરપાલિકાના પ્રમુખ શ્રી બિમલ અમીનને અને માણસા નગર પાલિકાને રૂા.૧,૧૨,૫૦,૦૦૦/-નો ચેક નગર પાલિકા માણસાના પ્રમુખ શ્રી કમલેશ પટેલને અર્પણ કરવામાં આવ્યો હતો.

શ્રી વિમલ ઉપાધ્યાયે આ પ્રસંગે જણાવ્યું કે તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડા પ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શહેરોના વિકાસ અને નગર પાલિકાઓની આર્થિક પરિસ્થિતિ સધ્ધર બનાવવા શરુ કરેલ સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજના કોરાનાના કપરા કાળમાં પણ નગરજનોની સુવિધા પુરી પાડવા માટે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં તેજ ગતીથી આગળ વધી છે અને શહેરો કિલન ગ્રીન-રહેવાલાયક અને માણવા લાયક બને તે દિશામાં વિકાસ થઈ રહ્યો છે. આ પ્રસંગે જિલ્લા કલેકટરશ્રી ડૉ.કુલદીપ આર્ય, મ્યુનિસિપલ કમિશનર શ્રી રતનકંવર ગઢવીચારણ સંસદ સભ્યશ્રી, ધારાસભ્યોશ્રી અધિક કલેકટરશ્રી એચ.એમ.જાડેજા સહિત તેમજ નગરપાલિકા કલોલ, દહેગામ અને માણસાના ચીફ ઓફિસરો ઉપસ્થિત રહ્યા હતા.

# મગોડી ગામે જુગાર રમતા ૬ જુગારી ઝડપાયા

## છાલા ઈન્દીરાનગરથી ૪ જુગારી રૂપિયા ૫૨૩૦ સાથે ઝડપાયા

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર-દહેગામ માર્ગ પર આવેલા મગોડી ગામે મોડી માતાના મંદિર નજીક આવેલી ખેતરની ઓરડી પાસે જુગાર રમતા ૬ જુગારીઓને ચિલોડા પોલીસે રાત્રીના દોઢ વાગે રેઈડ પાડી દબોચી લીધા છે. પોલીસે જુગારીઓ પાસેથી રૂ.૧૬,૮૯૦ રોકડા, રૂ.૨૧,૫૦૦ ની કિંમતના ૬ મોબાઈલ ફોન, રૂ.૬૦ હજારના ૪ બાઈક મળી કુલ રૂ.૯૮,૩૯૦ કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે તમામ સામે જુગારધારે અને જાહેરનામા ભંગનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મગોડી ગામે ઝડપાયેલા જુગારીઓ : હર્ષદ માનસીંગજી બિહોલા, મહીપતસિંહ ઉર્ફે કાળાજી કનુસિંહ બિહોલા, દહેગામના ગુલામ દસ્તગીર અબ્દુલભાઈ મલેક, તરંગ રામચંદ્ર ખત્રી, કિશન વિનોદભાઈ ઠક્કર, તેમજ વડોદરાના ભુપેન્દ્રસિંહ ચંદ્રસિંહ રાઠોડનો સમાવેશ થાય છે. જયારે દહેગામના રાજેશસિંહ પોપટસિંહ રાઠોડ, સાવન દરબાર, વિવેક સોલંકી અંધારાનો લાભ લઈ ભાગી છુટ્યા હતા.

જયારે છાલા ઈન્દીરાનગર પાસેથી ચિલોડા પોલીસે ૪ જુગારીઓને માતાના મંદિર પાસે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓ પાસેથી રોકડ રૂ.૫૨૩૦ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. છાલા ખાતેથી ઝડપાયેલા જુગારીઓમાં પુનમજી શકરાજી ઠાકોર, દશરથજી કુવરજી ઠાકોર, ભુપેન્દ્ર ઉર્ફે લાલો વિષ્ણુ રાવલ તેમજ કપડવંજ ખાતે રહેતો અજય કાંતિભાઈ પરમારનો સમાવેશ થાય છે. પોલીસે તમામ જુગારીઓ સામે જુગારધારાનો કેસ કરી વધુ તપાસ હાથ ધરી છે.

કોરોના કાળમાં બાળકોના શિક્ષણ પર ખૂબ વિપરીત અસર થઈ છે. વાલીઓના પણ પ્રશ્નો છે અને શાળાઓને પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આરટીઈ પ્રવેશની કામગીરી પણ હાલમાં બંધ છે. આરટીઈના ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ કરવા અને ઓનલાઈન શિક્ષણ આપતી શાળાઓએ પ્રથમસત્રની ફી સંપૂર્ણ માફ કરવા એનએસયુઆઈએ શિક્ષણમંત્રીને આવેદનપત્ર આપ્યું છે.



## ચિરવિદાય

- સ્વ. ઠાકોર લખાજી આતાજી, ઉ.વ. ૪૮, મુ. સુઘડ, તા. ગાંધીનગર
- સ્વ. પટેલ ચેલાભાઈ સોમાભાઈ, ઉ.વ. ૫૯, મુ. આતમપુરા, તા. દહેગામ
- સ્વ. ઠાકોર ડાહીબેન જવાનજી, ઉ.વ. ૬૯, પ્રાંતિયા, જી. ગાંધીનગર
- સ્વ. રબારી વસ્તાભાઈ ભલાભાઈ, ઉ.વ. ૭૦, દશેલા, તા. ગાંધીનગર
- સ્વ. બિહોલા દેવુસિંહ પ્રતાપસિંહ, ઉ.વ. ૭૧, પાલજ, તા. ગાંધીનગર